પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૫૨, કુલ પાના:૪, તારીખ: ૨૦-૦૨-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 152 PRICE :-RS. 1.50 DATE : 20-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

આતંકીઓએ ધોળાદિવસે ભરબજારમાં પોલીસ ટીમ પર હુમલો કરતા ખળભળાટ

શ્રીનગરમાં આતંકીઓનું અંધાધૂંધ ફાયરિંગ: બે પોલીસકર્મી શહિદ

શ્રીનગર, જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના બાગત બારજુલ્લા વિસ્તારમાં આતંકીઓએ ધોળાદિવસે ભરબજારમાં પોલીસ ટીમ પર હુમલો કરી દીધો. હુમલામાં બે જવાન શહીદ થઇ ગયા છે. જો કે હજુ તેના પર કોઇ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. એક શંકાસ્પદ પણ પકડાયો છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા સનસની મચી ગઇ છે. વીડિયોમાં દેખાઇ રહ્યું છે કે એક આતંકી એકે-૪૭ લઇ બજારમાં ઘૂસે છે અને ત્યાં ઉભેલા પોલીસકર્મી પર પાછળથી ધડાધડ ગોળીઓ વરસાવી દે છે. ત્યારબાદ તે ત્યાંથી ભાગવા લાગ્યો. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ટીઆરએફે લીધી છે.

શ્રીનગરમાં શુક્રવારના રોજ બપોરે આતંકીઓની તરફથી કરાયેલ ફાયરિંગમાં પોલીસના બે જવાન ઘાયલ થયા હતા જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા. સારવાર દરમ્યાન બંનેને ડૉકટર્સે મૃત જાહેર કરી દીધા.

આની પહેલાં દક્ષિણ કાશ્મીરના બાદીગામ, શોપિયાંમાં આજે મોડી રાત્રે શરૂ થયેલી સશસ્ત્ર અથડામણમાં સવાર પડતા લશ્કર-એ-તોયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતાં. અથડામણ બાદ સુરક્ષાબળોએ આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરી દીધુ હતું. બડગામ જીલ્લાના જાનીગામ બીરવાહમાં ચાલી રહેલી અથડામણમાં જમ્મૂ-કાશ્મીર પોલીસના એસપીઓ શહીદ થયા હતાં જ્યારે અન્ય પોલીસકર્મી ઘાયલ થયા હતાં.

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના બડગામના હોમહિના ગામમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહીતી મળી હતી. જેને લઈને સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ આખા ગામને ઘેરી લઇ તમામ ઘરની તપાસ શરૂ કરી હતી. ગામમાં આવવા-જવાના તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા હતાં. ચારેકોરથી ઘેરાઈ ગયા બાદ આતંકવાદીઓએ સુરક્ષા દળો પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળોએ આ ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. શુક્રવારની સવાર પડતા સુરક્ષા દળોએ ૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આઈજીપી કાશ્મીર વિજય કુમારે જાણકારી આપતા કહ્યું હતું કે, શોપિયામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકીઓ માર્યા ગયા હતાં. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યાં પ્રમાણે આતંકીઓ સાથે એક્રાઉન્ટરમાં ૧ પોલીસકર્મી પણ શહીદ થયો છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના એસપીઓ મોહમ્મદ અલ્તાફે શહાદત વ્હોરી. એક પોલીસકર્મી ઘાયલ પણ થયો છે. ઘાયલ પોલીસકર્મીનું નામ મંજૂર અહેમદ છે. સુરક્ષાદળોએ અથડામણના સ્થળેથી ૨ એકે-૪૭ અને એક પિસ્તોલ જપ્ત કરી છે. સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ અથડામણને ધ્યાનમાં રાખી શોપિયા જિલ્લામાં ઈન્ટરનેટ સર્વિસ હાલ બંધ કરાઈ હતી. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ થઈ ગઈ હતી. તેઓ લશ્કર એ તૈયબાના હતા અને કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે કામ કરી રહ્યા હતા.

ઘાયલ જવાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ તો સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. માર્યા ગયેલ આતંકીઓની ઓળખ નથી થઈ શકી. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર શહીદ એસપીઓનું નામ મોહમ્મદ અલ્તાફ છે.

એક જ દિવસે મતગણતરીની અરજી હાઈકોર્ટે ફગાવી, ૨૩ ફેબ્રુઆરીએ જ મતગણતરી

અમદાવાદ, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અલગ-અલગ દિવસે મતગણતરી કરવા મુદ્દે દાખલ થયેલી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. અરજદારે મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી એકસાથે કરવાની માંગ કરી હતી. પરંતુ હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. આથી હવે ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ જ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. જે મુજબ ૨૩ ફેબ્રુઆરીએ મહાનગરપાલિકાની મતગણતરી થશે. જ્યારે કે ૨ માર્ચના રોજ જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી હાથ ધરાશે.

મહત્વનું છે કે હાઈકોર્ટમાં અરજી દાખલ થયા બાદ ચૂંટણી પંચે કુલ ૩૦૩ પાનાનું સોગંદનામું હાઈકોર્ટમાં રજૂ કર્યું છે, જેમાં તેમણે બંધારણના કોઈ હકને નુકસાન ન થતું હોવાનું જણાવ્યું છે. આ અરજીમાં અરજદારે ઉલ્લેખ કર્યો હતો કે મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી એકસાથે કરવાની માંગ કરી છે. ત્યારે આ મામલે હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવતા જણાવ્યું કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની મત ગણતરી એક જ તારીખે નહીં થાય.

લાખો લોકો મત આપવાના છે પરંતુ કોરોના વાયરસ મહામારીના કારણે લાખો ઘરો સુધી મતદારોને મતદાન મથકનું સરનામું અને બૂથ નંબર દર્શાવતી સ્લીપનું વિતરણ કરવાનું કામ કરવામાં આવશે નહીં. ચૂંટણી આયોગે કર્મચારીઓને ચેપ લાગે તે ભયથી આ નિર્ણય લીધો છે. જેને પગલે ઘણા લોકોને તકલીફો પડશે. ચૂંટણી આયોગની વેબસાઇટ પરથી મતદાર ઓળખકાર્ડ નંબરની મદદથી મતદાન મથક, બૂથની માહિતી મળી જશે.

GTU દ્વારા ૨૦૦ થી વધુ કોલેજોનું ઓડિટ: સુવિધાઓનો અભાવ સહિતની ક્ષતિ આવી બહાર

અમદાવાદ, રાજ્યની સૌથી મોટી ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુ દ્વારા ૨૦૦થી વધુ કોલેજોનું ઓડિટ કરવામાં આવ્યું છે. આઈઆઈટી. આઈઆઈએમના નિષ્ણાંતો દ્વારા આ એકેડેમિક ઓડિટ કરવામાં આવ્યું છે. જેમાં આ કોલજોમાં સુવિધાઓનો અભાવ જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે પીએચડી માટે અપૂરતો સ્ટાફ તેમજ રિસર્ચ ઇમ્પ્રૂવમેન્ટની જરૂર સહિતની ખામીઓ સામે આવતા જીટીયુના સંચાલકો કોલેજો સામે લાલઘુમ થયા છે. જો કોલેજો દ્વારા શિક્ષણનું ધોરણ સુધારવામાં નહિ આવે તો કોલેજની માન્યતા રદ કરવા સુધીના પગલાં લેવાની તૈયારી જીટીયુએ કરી લીધી છે.

આ અંગે જીટીયુના વાઇસ ચાન્સેલર પ્રો. નવીન શેઠે જણાવ્યું કે

૮૮ એન્જીનીયરીંગ અને ૫૦ ફાર્મસી તેમ જ એમબીએ કોલેજોમાં ઓડિટ કરવામાં આવ્યું છે. હજુ ડિપ્લોમા કોલેજોમાં ઓડિટ બાકી છે. કોલેજોમાં જે ખામીઓ સામે આવી છે.

તેમાં કોલેજોમાં પીએચડી અધ્યાપકોની સંખ્યા ઓછી છે. જે રેશિયો નક્કી છે તે મુજબ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર અને એસોસિએટ પ્રોફેસરની કેડર નથી. આ ઓડિટની પ્રક્રિયામાં એન્જીનિયરીંગ, ફાર્મસી અને એમબીએ એવી ત્રણ કોલેજો પણ સામે આવી છે જેમણે ઓડિટમાં ભાગ લીધો નથી. આથી તેમને નોટિસ ફટકારવામાં આવી છે.

પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની 'ટ્રમ્પ પ્લાઝા' ૩૪ માળની ઈમારતને ડાયનેમાઈટથી ધરાશયી કરાઈ

વૉશિંગ્ટન, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની એટલાન્ટિક શહેરમાં આવેલી ૩૪ માળની ઈમારતને ડાયનેમાઈટની મદદથી ધરાશયી કરી દેવામાં આવી છે. ટ્રમ્પ પ્લાઝા નામની ઈમારત કેસિનો માટે જાણીતી હતી.તેને ઉડાવવા માટે ૩૦૦૦ ડાયનેમાઈટનો ઉપયોગ કરાયો હતો.

આ ઈમારત ધરાશયી થતી જોઈ શકાય તે માટે પણ તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. ટ્રમ્પ પ્લાઝા ૧૯૮૪માં ખોલવામાં આવ્યો હતો અને ૨૦૧૪માં તેને તાળા મારી દેવાયા હતા.સંખ્યાબંધ વાવાઝોડાના કારણે ઈમારતનો બહારનો હિસ્સો જર્જરિત થઈ ચુક્યો હતો.જેના પગલે ગયા વર્ષે શહેરના મેયરે બિલ્ડિંગને પાડી દેવા માટે આદેશ આપ્યો હતો.એ પછી ગઈકાલે આ ઈમારતને ધ્વસ્ત કરી દેવાઈ હતી અને તે જોવા માટે સેંકડો લોકો ઉમટ્યા હતા.

લદ્દાખમાં ભારત-ચીન સેના વચ્ચે આજે ૧૦મા તબક્કાની વાતચીત થશે

ન્યુ દિલ્હી, લદ્દાખમાં પેંગોંગ ઝીલ પાસે ભારત અને ચીનના સૈનિકોની વાપસીની પ્રક્રિયા વચ્ચે કાલે ફરીથી બંને દેશોની કોર કમાંડર સ્તરની વાતચીત થવાની છે. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ આ વાતચીત વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીન તરફથી મોલ્ડોમાં થશે જ્યાં ૯માં દોરની પણ વાત થઈ હતી અને સેનાઓની વાપસી પર ઠોસ સંમતિ બની શકી હતી. આ વાતચીત કાલે સવારે ૧૦ વાગે થશે. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ આ દોરની વાતચીતમાં બંને દેશની સેના પેંગોંગ ઝીલના દક્ષિણ અને ઉત્તર કિનારે સેનાઓની વાપસી બાદ બાકી તણાવવાળી જગ્યાએથી સેનાની વાપસી માટે ચર્ચા કરશે.

તમને જણાવી દઈએ કે મંગળવારે જ ભારતીય સેનાએ વીડિયો અને ફોટો જાહેર કરીને બતાવ્યુ હતુ કે પેંગોંગ ઝીલ વિસ્તારમાંથી કેવ રીતે ચીનની સેના પાછી જઈ રહી છે. તેણે ત્યાં બનાવેલા પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ હટાવી લીધા છે એવા ફોટા સામે આવી ચૂક્યા છે. માહિતી મુજબ એ ફોટા પેંગોંગ ઝીલના ઉત્તર કિનારે અને દક્ષિણ કિનારાના કૈલાશ રેંજના છે. ફોટામાં તેમના તૂટેલા બંકર અને અસ્થાયી ઢાંચા જેસીબી અને હાથેથી પણ હટાવવામાં આવી રહ્યા હતા.

બંને દેશોની સેનાઓ વચ્ચે જે સંમતિ બની છે તે મુજબ બંનેએ મે, ૨૦૨૦વાળી સ્થિતિમાં પાછુ જવાનુ છે. સેનાઓની વાપસીની આ પ્રક્રિયા બંને સેનાઓના નિરીક્ષણમાં થઈ રહી છે અને જો ૧૦માં દોરની વાતચીતમાં સંમતિ બની તો માનવામાં આવી શકે છે કે પહેલા દોરમાં સેનાઓની વાપસીનુ કામ લગભગ પૂરુ કરવામાં આવી ચૂક્યુ છે. કારણકે સેનાના એક અધિકારીએ જણાવ્યુ કે પેંગોંગ પાસે સેનાઓની વાપસીની ખાતરી થઈ ગયાના ૪૮ કલાક બાદ જ કોર-કમાંડર સ્તરની આગલા દોરની વાત થશે.

રાજસ્થાનમાં સેનાએ હેલિના એન્ટી ટેક મિસાઈલનું પરીક્ષણ કર્યું

જયપુર, રાજસ્થાનમાં ભારતીય સેના અને એરફોર્સે સંયુક્ત રીતે હેલિના એન્ટી ટેક મિસાઈલનુ પરીક્ષણ કર્યુ છે. ડીઆરડીઓના કહેવા પ્રમાણે આ મિસાઈલોને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર ધ્રુવમાંથી લોન્ચ કરવામાં આવી હતી.એક પછી એક ચાર મિસાઈલેનુ પરીક્ષણ મિસાઈલની ઓછામાં ઓછી સાત કિલોમીટર અને વધારેમાં વધારે રેન્જની ચકાસણી કરવા માટે થયુ હતુ.

ડીઆરડીઓના અધિકારીઓના કહેવા પ્રમાણે આ પરીક્ષણ માટે જુની પુરાણી ટેક્ને ટાર્ગેટ તરીકે રાખવામાં આવી હતી.પરીક્ષણ સફળ રહ્યુ હતુ. એન્ટી ટેક ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ સેના દુશ્મન ટેક્રો પર હુમલો કરવા માટે કરે છે. હેલિના મિસાઈલ ત્રીજી પેઢીનુ એન્ટી ટેક મિસાઈલ છે અને તે ફાયર અને ફરગેટ સિસ્ટમ પર કામ કરે છે. મતબલ કે મિસાઈલને એક વખત લોન્ચ કરવામાં આવે તે પછી તે પોતાની ગાઈડન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને નિશાન પર પ્રહાર કરે છે. આ મિસાઈલ્સને ભારતમાં જ બનેલા ધ્રુવ હેલિકોપ્ટર પર ફિટ કરાઈ છે.જે રાતે પણ પ્રહાર કરવા માટે સક્ષમ છે.

સતત ૧૧માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં થયો વધારો

ન્યુ દિલ્હી, પેટ્રોલ અને ડીઝલના પ્રતિદિવસ ચિંતાજનક રીતે વધતા જઈ રહ્યા છે. આગામી દિવસમાં ગુજરાતમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ સદી ફટકારી શકે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તો દેશના કેટલાક વિસ્તારોમાં તો પેટ્રોલ સદી ફટકારી ચૂક્યું છે તો ડીઝલ પણ સદી ફટકારવા તરફ વધી રહ્યું છે.

દેશમાં આજે સતત ૧૧મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકાયો છે. શુક્રવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૧ પૈસા પ્રતિ લીટર વધીને ૯૦.૧૯ રૂપિયા પર પહોંચી ગયો. જ્યારે ડીઝલ પણ ૩૩ પૈસા વધારા સાથે ૮૦.૬૦ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. હાલમાં લગભગ દરેક શહેરમાં બંને ઈંધણોના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યા છે. નોંધનીય છે કે પેટ્રોલ-ડીઝલના ભાવની સીધી અસર મોંઘવારી પર પડે છે.

જણાવી દઈએ કે, કેન્દ્રની મોદી સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા પાછળ પાછલી સરકારોને જવાબદાર ઠેરવીને પોતાના હાથ ઉંચા કરી લીધા છે. પીએમ મોદીએ મધ્યમવર્ગના લોકોની ચિંતા કરતાં કહ્યું કે, પાછલી સરકારોએ યોગ્ય પગલાઓ ભર્યા હોત તો આજે મધ્યમ વર્ગને આટલી મોંઘવારીનો સામનો કરવો પડ્યો ના હોત. જેથી આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રાહત મળવાના કોઈ સંકેત દેખાઈ રહ્યાં નથી. મોદી સરકારે પેટ્રોલ-ડીઝલ પર લગાવેલા ટેક્સને ઘટાડે તેવી કોઈ જ શક્યતાઓ જોવાઈ રહી નથી. તો બીજી તરફ આંતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં હજું પણ વધારો થાય તેની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

મોદી સરકારે ૨૦૨૧માં જ એક્સાઈઝ ડ્યુટીમાં ૧૯ વખત વધારો કર્યો છે. પાછલા વર્ષે આંતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલનો ભાવ (૨૧ ડોલર પ્રતિ બેરલ) મીનરલ વોટર કરતાં પણ ઓછો હોવા છતાં તેનો ફાયદો મધ્યમ વર્ગને આપવાની જગ્યાએ સરકારે ટેક્સમાં વધારો ઝીકીને પોતાની તિજોરીઓ ભરવાનું કામ કર્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. કે. ડીંડોર

મુ. રજાયતા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીયા ઝવેરસિંહ અદેસિંહ

મુ. મીરપ, તા. ગોધરા

ગોધરા વોર્ડ નં.૫ ના લોક લાડીલા એવા યુવા

સ્વચ્છ છબી ધરાવતા અને પ્રતિષ્ઠિત એવા અપક્ષ ઉમેદવાર

સંજય ચંપકલાલ સોની

આપનો કિંમતી મત આપી-અપાવી વિજયી બનાવશોજી.

અનું. નં.	અપક્ષ ઉમેદવાર	નિશાન	બટન
૧૬	સંજય ચંપકલાલ સોની		

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧
સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

મતદાન અવશ્ય કરો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લામાં આજે ૦૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૪૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૯-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૪૮ કેસ પોઝીટીવ નોંધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૭૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૨૮૧૭૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૨ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

મતદાન/પુનઃમતદાનના બીજા દિવસે મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમય ગણવામાં આવશે

લુણાવાડા,
રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયની છ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા જૂનાગઢ મહાનગરપાલિકાની બે (૨) બેઠકોની પેટા ચૂંટણી તથા અન્ય સ્થાનિક સ્વરાજયના સંસ્થાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ તા. ૨૩/૧/૨૧ના રોજ જાહેર કરેલ છે.

તદ્અનુસાર આ સંસ્થાઓની ચૂંટણીઓમાં સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પુરૂં થયા બાદ રીસિવીંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા માટે પહોંચતા હોય છે. સાંપ્રત કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિમાં કેટલાંક કિસ્સામાં મતદાન ટુકડીઓને તબકકાવાર રીસિવિંગ સેન્ટર પર પહોંચતા વિલંબ થવા પણ સંભવ છે.

આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પ્રમાણાં લાંબા સમયગાળાને અને તેઓએ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી રહે તે બાબત ધ્યાને લઈ મતદાનના બીજા દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ જો તેઓની મૂળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસે ફરજ પરની હાજરી ગણવાની રહેશે અને તેઓએ તેમની મૂળ કચેરી ખાતે હાજર થવાનું રહેશે નહીં તેવો રાજય ચૂંટણી આયોગ નિર્ણય કર્યો છે.

જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ આ સૂચના લાગુ પડશે. પરંતુ આ સમયગાળા માટે કોઈ વધારાનું ભથ્થું આકારી શકાશે નહીં તેમજ ગાંધીનગર રાજય ચૂંટણી આયોગના સચિવ મહેશ જોશીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

અરવલ્લીમાં SP ઓફિસમાં રાખેલા આઈસરમાંથી જ દારૂની ખેપ...!?

અરવલ્લી,
અત્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ જામેલો છે. ત્યારે ચૂંટણીઓમાં દારૂની રેલમછેલ થતી હોય એવું સામાન્ય રીતે બનતું હોય છે. જોકે, ચૂંટણી સમયે પોલીસ પણ સતર્ક થઈને દારૂ પકડતી હોય છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં પણ પોલીસ માટે કાળો દિવસ સમાન એક ઘટના બની હતી. અરવલ્લી જિલ્લામાં શામળાજી હાઈવે ઉપર દારૂ ભરેલી કાર ખાબકતા પોલીસે તપાસ કરતા અરવલ્લી એસપી ઓફિલ પાછળથી જ આઈસરમાંથી દારૂની ખેપ થતી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. ઘટના બાદ કાર ચાલક ફરાર થવામાં સફળ રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ અરવલ્લી એસપીએ કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. મળતી માહિતી પ્રમાણે અરવલ્લીમાં પોલીસે દારૂ ભરેલું આઈસર પકડ્યું હતું. જેને મોડાસામાં એસપી ઓફિસના પાછળના ભાગે પાર્ક કરવામાં આવ્યું હતું. આઈસરમાંથી દારૂની કેટલીક પેટીઓ એસન્ટ કારમાં નાંખીને શામળાજી તરફ લઈ જવાતો હતો. એક જાગૃત નાગરીકને જાણ થતાં કારનો પીછો કર્યો હતો. કાર ચાલકને પોતાની કારનો પીછો થતો હોવાનું જાણ થતાં કારને ફૂલસ્પીડમાં દોડાવી હતી. જોકે, શામળાજી હાઈવે ઉપર ચારણવાડા અને કેસાપુર ગામ વચ્ચે હાઈવે ઉપર વળાંક આવતા કાર ચાલકે કાબુ ગુમાવ્યો હતો. જેના પગલે કાર રોડની સાઈડમાં ઉતરી ખાડામાં ખાબકી હતી. પકડાઈ જવાના ડરના કારણે કારમાંથી બે લોકો ત્યાંથી ફરાર થયા હતા. આ અંગે જાગૃતનાગરીકે સ્થાનિક પોલીસ, એસપી ઓફિસ સહિતના અધિકારીઓને આ અંગે જાણ કરી હતી. જેના પગલે મોડારા રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને કારમાંથી દારૂનો કબ્જો લીઈને આગળની કાર્યવાહી હાથધરી હતી. કારની ડેકીમાં અને પાછલી સીટમાં દારૂની આશરે ૧૦ પેટીઓ મળી હતી. આ ઉપરાંત કારમાંથી બ્લેક જેકેટ અને છરો મળી આવ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે કાર ચાલક ખુદ પોલીસ જવાન હતા અથવા પોલીસના સંબંધીઓ હોઈ શકે. આ અંગે જાણ થતાં અરવલ્લી એસપી સંજય ખરાતે કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. અને ઘટના અંગ આગળની કાયદેસરની કાર્યવાહી કરવાની પણ તજવીજ હાથધરી છે.

કાલોલ GIDCના ઉદ્યોગપતિઓ દ્વારા રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ૧,૨૮,૨૧૧/- રૂપિયાનું નિધિ સમર્પણ

તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ GIDCના કાર્યાલય ખાતે રાજેશભાઈ જોશી માનનીય જિલ્લા સંચાલકજી RSS, ફાલીબેન ઉપાધ્યાય કાલોલ નગરપાલિકા પ્રમુખ, બી.એન.ગીરી પ્રમુખ GIDC કાલોલ, પ્રવીણભાઈ નિમાવત સેક્રેટરી GIDC, રાજેશ પંચાલ યોગ પ્રભારી, સૌરીનભાઈ શાહ વગેરેની ઉપસ્થિતિમાં ૧,૨૮,૨૧૧/- રૂપિયાનું સમર્પણ કરવામાં આવ્યું.

હાઈકોર્ટના ઝટકા બાદ નીતિન પટેલે કહ્યું- ચૂંટણી પહેલાં જ કોંગ્રેસ હાર ભાળી ગઈ છે

ગાંધીનગર,
ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને એક જ દિવસે મતગણતરી કરવા માટે ગુજરાત કોંગ્રેસે હાઈકોર્ટમાં અરજી કરી હતી. પણ હાઈકોર્ટે કોંગ્રેસની અરજીની ફગાવી દઈને ચૂંટણી પંચના કાર્યક્રમ મુજબ મત ગણતરી થશે તેમ જણાવ્યું હતું. જે મામલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ કોંગ્રેસને આડેહાથ લીધી હતી અને ચૂંટણી પહેલાં જ કોંગ્રેસ હાર ભાળી ગઈ છે તેમ કહ્યું હતું. નીતિન પટેલે કહ્યું કે, ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થવાની તૈયારી છે. ૨૧મી તારીખે મનપા માટે વોટિંગ થવાની છે. પ્રદેશ પ્રમુખ પાટીલ દ્વારા સભાઓ રાખવમાં આવી છે.

ગુજરાતની જનતા ભાજપ પરનો વિશ્વાસ કાયમ રહેશે. આગળ જતાં નીતિન પટેલે મતગણતરી અંગે હાઈકોર્ટમાં કરેલી અંગે અરજી અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે હાઈકોર્ટે એક જ દિવસે ગણતરીની અરજી ફગાવી દીધી છે, જેથી હવે કોઈ સંશય રહેતો નથી. ૨૧ તારીખે જ મતદાન થશે તેની ૨૩ તારીખે મતગણતરી થશે. અને મનપાના પરિણામો જાહેર થશે. ૨૮ તારીખે નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારની ચૂંટણીઓનું મતદાન થશે. આમ રાજય ચૂંટણી પંચની તરફેણમાં હાઈકોર્ટે ચૂકાદો આપ્યો છે. કોંગ્રેસની અરજી હાઈકોર્ટે રદ કરી છે. કોંગ્રેસના નેતાઓ માનસિક રીતે આ ચૂંટણી હારી ચૂક્યા છે.

એમણે હથિયાર હેઠા મૂકી દીધા છે. કોંગ્રેસ આંતરિક ખેંચતાણને કારણે પ્રજા સુધી જઈ શકી નથી. તો રેલીઓમાં ભાજપ નેતાઓ દ્વારા કોરોના નિયમ ભંગ મામલે નીતિન પટેલે કહ્યું કે, મોટા ભાગના નેતાઓ માસ્ક પહેરે છે અને નિયમો પાળે છે. જયારે હજારો કાર્યકરો નીકળે છે ત્યારે સામાન્ય નાગરિકો સ્વાગત કરવા માટે આવે છે. ત્યારે ભીડ એકત્ર થઈ જાય છે. પોલીસ દ્વારા સતત જાગૃતિ અને પગલાં લેવામાં આવી રહ્યા છે. લોકો નિયમોનું પાલન કરે. ગુજરાતમાં કેસો ઘટવા લાગ્યા છે. અને સંપુર્ણ નાબૂદ ન થાય ત્યાં સુધી નિયમો પાળે.

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં HIV અવેરનેસ કાર્યક્રમ યોજાયો

તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને GSRTCના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષતામાં અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોધરાની એસટી વર્ક શોપ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિતજનોને સંબોધતા જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, એચઆઈવી સંક્રમણ થવાના કારણો અને બચાવ માટે રાખવાની થતી સાવધાનીઓ અંગેની સાચી માહિતી જનસામાન્ય સુધી પહોંચે તે એચઆઈવીના ફેલાવાને રોકવાની દિશામાં સૌથી વધુ અસરકારક રહેશે. આ ઉપરાંત, સમાજમાં એચઆઈવી સંક્રમિત વ્યક્તિઓ અને એઈડ્સ પીડિત વ્યક્તિઓ માટે જે સામાન્ય ગેરમાન્યતાઓ પ્રવર્તે છે, સમાજમાં ઘણીવાર તેમની સાથે જાણ્યે-અજાણ્યે ભેદભાવભર્યું વર્તન થાય છે તે દૂર કરવાની દિશામાં પણ કામગીરી કરવાની તાતી જરૂર છે. ઘણા કિસ્સામાં આ સંક્રમણના પરિણામે વ્યક્તિને શારીરિક સ્વાસ્થ્યને થયેલ હાનિની સરખામણીએ આસપાસના લોકોના વર્તનથી માનસિક સ્વાસ્થ્ય અને નૈતિક હિંમતને થયેલ નુકસાન વધુ હોય છે. જે બાબતમાં આપણે સૌએ સામૂહિક પ્રયત્નો કરવા જોઈએ તેમ કલેક્ટરએ ઉમેર્યું હતું. એઈડ્સની ઉત્તમ સારવાર ઉપલબ્ધ થઈ છે. ત્યારે પીડિત વ્યક્તિઓને લાગણીભરી મદદ અને હૂંફ તેમના પુનઃસ્થાપનમાં તેમજ બાકીનું જીવન સારી રીતે વ્યતીત કરવામાં અતિ ઉપયોગી સાબિત થઈ શકે છે. એચઆઈવી અને એઈડ્સ વિશે હજી પણ સમાજમાં મોટા પાયે ગેરસમજણ પ્રવર્તે છે ત્યારે આ પ્રકારના જાગરૂકતા કાર્યક્રમો સાચી માહિતી પ્રસરાવવા ઉપયોગી બની શકે તેમ જણાવતા તેમણે એસટી વિભાગને આ પ્રકારના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. એચઆઈવીના ઘાતક સંક્રમણથી સુરક્ષિત રહેવા બચાવના પગલાઓનું ચુસ્ત પાલન જ એકમાત્ર ઉપાય છે અને તેથી આ પ્રકારના જાગરૂકતા કાર્યક્રમો મોટાપાયે નિરંતર રીતે થાય તે સમયની જરૂરિયાત છે તેમ જિલ્લા સમાહર્તાએ ઉમેર્યું હતું.

સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીના એડિશનલ ડાયરેક્ટર ડો. રાજેશ ગોપાલે જણાવ્યું હતું કે સંપૂર્ણ અને સાચી જાણકારી એચ.આઈ.વી. સંક્રમણને રોકવા માટેની સામાજિક વેક્સિન છે. આ સંક્રમણ કઈ રીતે ફેલાય છે અને આ તમામ જોખમો સામે કઈ સાવચેતીઓ વ્યક્તિને સંક્રમણથી સુરક્ષિત રાખી શકે તે અંગે વિસ્તૃત માહિતી આપતા ડો. ગોપાલે આ માહિતી આગળ પ્રસરે તે દિશામાં સામૂહિક પ્રયાસો કરવા આગ્રહ કર્યો હતો.

કાર્યક્રમમાં એચ.આઈ.વી. સંક્રમણ, એઈડ્સ, બચાવના પગલા, સારવાર, ઉપસ્થિત સહાયના માધ્યમો સહિતની બાબતો અંગે વિગતવાર માહિતી આપતું પ્રેઝન્ટેશન પણ દર્શાવવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં એસટીના વિભાગીય નિયામક ડિંડોળે શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં સીડીએચઓ ડો. મિનાક્ષી ચૌહાણ, આરસીએચઓ ડો. પી.કેવાસ્તવ તેમજ એસટીના કર્મચારીઓ-અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૦-૦૨-૨૦૨૧, શનિવાર, મહા સુદ-૮, સૂર્યોદય-૬-૫૫, સૂર્યાસ્ત-૬-૧૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	-શુભ ચોઘડીયા- અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી - શુભ હોરા- ૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

નાસાના રોવરે મંગળની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું

કેપ કેનવેરલ,
અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ પર માર્સ પર્સિવરેંસ રોવર મોકલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે પોતાના માર્સ પર્સિવેરેંસ રોવરનો જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લેંન્ડ કરાવ્યું. ૬ પૈડાવાળું આ ઓવર મંગળ ગ્રહ પર ઉતરીને ત્યાં અનેક પ્રકારની જાણકારી એકત્ર કરશે અને એવા ખડકોને લઈને આવશે, જેનાથી તે પ્રશ્નોના જવાબ મળી શકશે કે શું લાલ ગ્રહ પર ક્યારેય જીવન હતું.

જેજેરા ક્રેટર મંગળ ગ્રહનું ખુબ જ દુર્ગમ સ્થળ છે. અહીં ઊંડી ઘાટીઓ અને પહાડો છે. તેની સાથે જ અહીં રેતીના ટીલા અને મસમોટા અણિદાર પથ્થર તેને વધુ ખતરનાક બનાવી દે છે. એવામાં પર્સિવેરેંસ માર્સ રોવરની લેંન્ડિંગની સફળતા પર સમગ્ર દુનિયાની નજર હતી. રોવરના મંગળ ગ્રહ પર લેંન્ડિંગની સાથે જ અમેરિકા મંગળ ગ્રહ પર સૌથી વધુ રોવર મોકલનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે.

એવું માનવામાં આવે છે કે જેજેરા ક્રેટરમાં પહેલા નદી વહેતી હતી જે એક લેકમાં જઈને મળતી હતી. ત્યારબાદ ત્યાં પંખાના આકારનો ડેલ્ટા બની ગયો. વૈજ્ઞાનિકો તેના માધ્યમથી એ જાણવાનો પ્રયાસ કરશે કે શું મંગળ ગ્રહ પર ક્યારેય જીવન હતું.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ક્યારેય મંગળ ગ્રહ પર જીવન રહ્યું હતું તો તે ત્રણથી ચાર અરબ વર્ષ પહેલા રહ્યું હશે, જ્યારે ગ્રહ પર પાણી વહેતું હતું. વૈજ્ઞાનિકોને આશા છે કે રોવરથી દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને અંતરિક્ષ વિજ્ઞાન સાથે જોડાયેલા અગત્યના સવાલના જવાબ મળી શકે છે. આ પ્રોજેક્ટના વૈજ્ઞાનિક કેન વિલિફોર્ડે કહ્યું કે, શું આપણે એક વિશાળ બ્રહ્માંડ રુપી રણમાં એકલા છીએ કે બીજે ક્યાંય પણ જીવન છે? શું જીવન ક્યારે પણ, ક્યાં પણ અનુકૂળ પરિસ્થિતિઓના કારણે હોય છે?

નાસાના વૈજ્ઞાનિકોની બીજી સૌથી મોટી ચિંતાની વાત હતી મંગળ ગ્રહના વાયુમંડળમાં પર્સિવરેન્સ રોવરની એન્ટ્રી, તેમનું ડિસેન્ટ અને લેન્ડિંગ. આ બધા કામોમાં સાત મીનિટનો સમય લાગ્યો. આ સાત મીનિટ સુધી નાસાના સાઈન્ટિસ્ટ્સના ધબકારા પણ ધીમા ચાલી રહ્યાં હતા કેમ કે, મંગળ ગ્રહ પર પર્સિવરેન્સની લેન્ડીંગની દરેક જાણકારી ધરતી પર વૈજ્ઞાનિકોને ૧૧ મીનિટ ૨૨ સેકન્ડ પછી મળી રહી હતી.

પર્સિવરેન્સ માર્સ રોવર ૧૦૦૦ કિલોગ્રામ વજન ધરાવે છે. જ્યારે એન્જીન્યૂટી હેલિકોપ્ટર ૨ કિલોગ્રામ વજનનું છે. માર્સ રોવર પરમાણુ ઉર્જાથી ચાલે છે. એટલે પ્રથમ વખત કોઈ રોવરમાં પ્લૂટોનિયમને બળતણના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આ રોવર મંગળ ગ્રહ પર ૧૦ વર્ષ સુધી કામ કરશે. જેમાં ૭ ઈંચનું રોબોટિક આર્મ, ૨૩ કેમેરા અને એક ડ્રિલ મશીન છે. જે મંગળ ગ્રહની તસવીરો, વીડિયો અને નમૂના લેશે.

ઘાસચારા કૌભાંડઃ ઝારખંડ હાઈકોર્ટે લાલુ યાદવની જામીન અરજી ફગાવી

રાંચી,
આરજેડી સુપ્રીમો લાલુ યાદવને શુક્રવારે ઝારખંડ હાઈકોર્ટે મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે લાલુ યાદવની જામીન અરજી ફગાવી દીધી છે. એવામાં હવે લાલુ યાદવે જેલમાં જ રહેવું પડશે. ઘાસ ચારા કૌભાડના દુમકા ટ્રેઝરી કેસમાં કરવામાં આવેલી જામીન અરજી પર શુક્રવારે ઝારખંડ હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. લગભગ ૩ કલાક સુધી ચાલેલી સુનાવણી બાદ આ નિર્ણય કરવામાં આવ્યો હતો કે, આરજેડી સુપ્રીમો લાલુ યાદવને હાલ જામીન આપવામાં નહીં આવે. કોર્ટે કહ્યું કે, હજુ અડધી સજાની અવધિ પૂરી કરવામાં બે મહિના બાકી છે. જેના કારણે તેમની જામીન અરજી રદ કરવામાં આવે છે. લાલુ યાદવના વકીલ પ્રભાત કુમારે જણાવ્યું કે, બે મહિના બાદ ફરી જામીન અરજી કરવામાં આવશે.

નોંધનીય છે કે, આ વખતે લાલુ યાદવને જામીન મળવાની સંભાવનાઓ વધારે હતી, કારણ કે લાલુ યાદવને સીબીઆઈ કોર્ટ દ્વારા દુમકા ટ્રેઝરીમાંથી ગેરકાયદેસર ઉપાડના કેસમાં સાત વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં લાલુ યાદવ સાડા ત્રણ વર્ષ જેલની સજા ભોગવી ચુક્યા છે. જેના આધારે લાલુના વકીલે જામીન અરજી કરી હતી. પરંતુ હાઈકોર્ટે તેમના વકીલની વાતને ખોટી ગણાવી અને જામીન અરજી ફગાવી દીધી હતી.

કેટલાક ભણેલા લોકો દુનિયામાં હિંસા ફેલાવે છેઃ વડાપ્રધાન મોદી

ન્યુ દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળની વિશ્વભારતી યૂનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પીએમ મોદીએ કોઈનું પણ નામ લીધા વગર ટૂલકિટ ષડયંત્ર રચનારાઓ પર બરાબરનું નિશાન તાક્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંક અને રાજ્યપાલ જગદીપ ધનખડ હાજર રહ્યાં હતાં.

પશ્ચિમ બંગાળની વિશ્વભારતી યૂનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરે જે ધરોહર માં ભારતીને સોંપી છે તેનો ભાગ બનવું મારા માટે પ્રેરક છે. તેમને કહ્યું હતું કે, બંગાળના ઈતિહાસમાં ભારતના સમૃદ્ધ જ્ઞાન-વિજ્ઞાનને આગળ વધારવામાં દેશને નેતૃત્વ પુરૂ પાડ્યું છે. બંગાળ એક ભારત-શ્રેષ્ઠ ભારતનું જન્મસ્થળ રહ્યું છે અને કર્મસ્થળ પણ. કોઈનું નામ લીધા વગર જ ટૂલકિટ મામલે પીએમ મોદીએ બરાબરનું સંભળાવતા કહ્યું હતું કે, કેટલાક ભણેલા-ગણેલા લોકો દુનિયામાં હિંસા ફેલાવી રહ્યાં છે.

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, ગુરૂદેવ ટાગોર માટે વિશ્વ ભારતી માત્ર જ્ઞાન મેળવવાની જ સંસ્થા નથી. પણ તે ભારતીય સંસ્કૃતિના શીર્ષસ્થ લક્ષ્ય સુધી પહોંચવાનો એક પ્રયાસ છે. આ લક્ષ્યને અમે 'સ્વયંને પ્રાપ્ત કરવા' કરીએ છીએ. વિદ્યાર્થીઓને તમે માત્ર એક યૂનિવર્સિટીનો જ ભાગ નથી પણ એક જીવંત પરંપરાનો હિસ્સો છો.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓનું જ્ઞાન માત્ર તમારૂ જ જ્ઞાન નથી પણ સમાજ અને દેશની ધરોહર છે. આ માત્ર વિચારધારાનો પ્રશ્ન નથી પણ માઈંડસેટનો પણ વિષય છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, જે દુનિયામાં આતંક ફેલાવી રહ્યાં છે તેમાંથી ઘણા બધા સારૂ ભણેલા અને આવડત ધરાવનારાઓ છે પરંતુ ફરક છે તો માત્ર તેમની વિચારધારનો. બીજી બાજુ એવા પણ લોકો છે જે કોરોના જેવી મહામારીમાંથી દુનિયાને મુક્તિ અપાવવા માટે દિવસરાત પ્રયોગશાળાઓમાં મહેનત કરી રહ્યાં છે. તમારૂ જ્ઞાન, તમારી સ્કિલ, એક સમાજને, એક રાષ્ટ્રને ગૌરવાન્વિત પણ કરે છે અને તે સમાજને બદનામી અને બર્બાદીના અંધકારમાં પણ ધકેલી શકે છે.

દૈનિક રાશીફળ

તા.૨૦.૦૨.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- હઠીલા સ્વાભાવને લઈને કોઈ લાભ ન ગુમાવો તેનું ધ્યાન રાખજો કર્મચારી વર્ગને સહકાર દેવાથી લાભ.

વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ ભાઢુઓ સાથે વાદ-વિવાદથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રેહજો જીવનમાં ઉત્સાહ વધવાનો.

મિથુન(ક.છ.ઘ.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની મિત્રોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું - રહેણાકના પ્રશ્નોમાં સફળતા.

કર્ક(ડ.હ.) :- વિદેશ વસતા સગા સંબંધીનો સહકાર રહેવાનો લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા વાળો દિવસ રહે.

સિંહ(મ.ટ.) :- મોજશોખનું પ્રમાણ વધવાનું પરિવારના વડીલો સાથે સુમેળ વધે કાનૂની પ્રશ્નોમાં સમાધાન થાય સ્વાસ્થ્ય જાળવવું.

કન્યા(પ.ઠ.ણ.) :- પ્રિયપાત્ર સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો નોકરીમાં સફળતા મલવાની ધાર્મિક સંસ્થામાં હોદ્દો મલે.

તુલા(ર.ત.) :- ન ધારેલી સફળતા મલવાની આત્મવિશ્વાસ વધવાનો લગ્નજીવનમાં ગેરસમજો દૂર થવાની આવકની સાથે ખર્ચ પણ રહે. પ્રવાસ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- કર્જ કરવાથી દૂર રહેજો પરિવારના સભ્યોને સહકાર દેવો. વિભાજન જેવા પ્રશ્નો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું વિદેશ જવાની તક મલવાની.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- કારણવગરના વિચારોથી ટેન્સન રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો સાથીદારો સાથે સહકારની ભાવનું કેળવજો નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.

મકર(ખ.જ.) :- આ સમય તમારે જાળવી લેવાનો છે જવાબદારીઓ લેવામાં જાળવવું પ્રતિષ્ઠા જળવાઈ રહે. નાણાકીય રીતે ટેન્શન રહે. વધુ પડતો કાર્યભાર હીતાવહ નથી.

કુંભ(ગ.શ.સ.) :- પ્રતિમા આપતા અવરોધો દૂર થવાના છે. નવી યોજનામાં લાભ મલવાનો તબીયત બાબત જાળવવું જીવન સાથીના સ્વાસ્થય બાબત ટેન્શન રહે.

મીન(દ.ચ.ઝ.) :- નોકરીમાં મનગમતી જગ્યા મલવાની પ્રતિષ્ઠા વધારો થવાનો રાજકીય રીતે લાભ મલવાના વિદેશ વસતા સગા સ્નેહીજનોની મુલાકાત થવાની.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

સંજેલીમાં મેન બજારમાં બસ અને ટ્રક ફસાતા ટ્રાફિક જામ સર્જાયો

સંજેલી,

સંજેલી નગરમાં છેલ્લા કેટલાક સમયથી વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા હોય છે. જેના કારણે વાહન ચાલકો તેમજ સ્થાનિકોને ભારે હાડમારી

ટ્રાફીકને ખાળવા તંત્રની નિષ્કાળજી, વાહન ચાલકો મનમરજી મુજબ ગાડીઓ પાર્ક કરતા હોય છે

વેઠવાનો વારો પડે છે. જેના કારણે બસ ચાલકોને અડધો કલાક સુધી

ટ્રાફિકમાં ઉભા રહેવા પડતું હોય છે. સંજેલી મેન બજારથી લઈ ઝાલોદ રોડ સુધી વાહન ચાલકો દ્વારા પોતાની મનમરજી મુજબ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે.

જેના કારણે વાહન ચાલકોને ટ્રાફિકનો સામનો કરવો પડે છે. જેને લઈ વેપારીઓને,સ્થાનિકોને ભારે તીવ્ર સમસ્યાઓ ઉતપન્ન જોવા મળી રહી છે. સંજેલી નગરમાં મેન બજાર થી ઝાલોદ રોડ તરફ જવાના માર્ગ પર નાના વાહન ચાલકો દ્વારા રોડની વચ્ચે મનમરજી પ્રમાણે વાહન પાર્ક કરી દેવામાં આવે છે. જેના કારણે મોટા વાહન ચાલકોને ગાડી પસાર કરવી માથાનો દુખાવો સમાન બની જવા પામેં છે. જેના કારણે વાહનચાલકોને અડધો કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાઈ રહેવાનો વારો પડે છે. તંત્ર દ્વારા ટ્રાફિક જામની સમસ્યા હલ કરવામાં આવે તેવી વાહન ચાલકો તેમજ સ્થાનિકોની માંગ છે.

સંજેલી તાલુકાના મતદાન મથકોની આકસ્મિક મુલાકાત લેતા કલેક્ટર વિજય ખરાડી

સંજેલી,

આગામી તા. ૨૮મીના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અનુસંધાને કલેક્ટર વિજય ખરાડીએ આજે કેટલાક મતદાન મથકોની મુલાકાત લીધી હતી અને ત્યાં મતદારો તથા ચૂંટણીકર્મીઓ માટે કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. જો કે, કેટલીક શાળાઓમાં સ્વચ્છતાનો અભાવ જણાતા સફાઇ કરવા સહિતની બાબતો અંગે કલેક્ટરએ સૂચના આપી હતી.

જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર સાથે કલેક્ટર વિજય ખરાડી આજે સવારમાં કોઇ મતદાન મથકનો આકસ્મિક ચકાસણી કરવા માટે

નીકળ્યા હતા. આ બન્ને અધિકારીઓ સંજેલી તાલુકામાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે વિવિધ પાંચેક મતદાન મથકોની મુલાકાત લીધી હતી. અહીં કલેક્ટર દ્વારા મતદારો માટે ઉભી કરવામાં આવનારી સુવિધાની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત, પોલિંગ સ્ટાફ માટે ઉતારા, રાતવાસો, સહિતની સુવિધા અંગેની તૈયારીઓની જાત માહિતી મેળવી હતી. અહીં મતદાન કેન્દ્રોમાં સફાઇના અભાવની બાબત કલેક્ટરના ધ્યાને આવી હતી. જેના પગલે ખરાડીએ શાળાની તુરંત સફાઇ કરાવવા માટે સૂચના આપી હતી. મતદાનના દિવસે નાગરિકોને સ્વચ્છ માહોલ મળે એ જરૂરી છે, એ બાબતની તેમણે શિક્ષકોને સમજ આપી હતી.

બીજી તરફ, સફાઇ બાબતે બેદરકારી દાખવવા બદલ સંજેલી તાલુકાના શિક્ષણાધિકારી દ્વારા કલસ્ટર રિસોર્સ કોઓર્ડિનેટરના ખુલાસા પણ પૂછવામાં આવ્યા હતા.

નુકશાન વાળી ગાડીના નિકાલના મુદ્દે ૫૦ વર્ષીય આધેડ યુવકનું અપહરણ

લીમખેડા,

ઉભેલ ગાડીને ટક્કર મારી નુકશાન પહોંચાડતા તે ગાડીના નિકાલના મુદ્દે દાભડા ગામના ગાડી માલિકને ચીલાકોટા ગામના ચાર જેટલા ઈસમોએ ગેરકાયદેસર અટકાયતમા રાખવાના ઈરાદાથી અપહરણ કરી લઈ ગયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામના નૈનશભા છગનભાઈ તડવી તથા તેની સાથેના બીજા ત્રણ ઈસમોએ લીમખેડા તાલુકાના દાભડા ગામના ૫૦ વર્ષીય બાબુભાઈ સરતનભાઈ ભુરીયાની ઉભી મુકેલ ગાડીને ટક્કર મારી નુકશાન પહોંચાડ્યું હતુ જે ગાડીના નિકાલ બાબતે નૈનેશભાઈ તડવી તથા તેના સાગરીતોએ ૫૦ વર્ષીય બાબુભાઈ સરતનભાઈ ભુરીયાની ગેરકાયદેસર અટકાયતમાં રાખવાના ઈરાદાથી અપહરણ કરી લઈ ગયા હતા.

તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા ઉસ્માને ગની (રદી.) પ્રાથમિક શાળામાં એસ.ઓ.પી.ની ગાઈડ લાઈન સાથે ધો. ૦૬થી ૦૮ના વર્ગો શરૂ. ગોધરા શહેરના ગોન્દ્રા વિસ્તારમાં આવેલ ઉસ્માને ગની (રદી.) પ્રાથમિક શાળામાં એસ.ઓ.પી.ની ગાઈડ લાઈન મુજબ તથા વાલી સમંતિ પત્ર સાથે આચાર્ય દેડકી મહેબુબ દ્વારા બાળકોને શાળામાં આવકારી અભ્યાસમાં મહેનત કરી બાળકોને આગળ વધવા શુભેચ્છાઓ પાઠવાઈ હતી.

દે.બારીઆમાં ખવાજા ગરીબ નવાઝના ઉર્સ નિમિતે અભન્યાઝનું આયોજન

દે.બારીઆ,

દે.બારીઆ શહેરના કસ્બા તથા આસમા વસતા મુસ્લીમોના દ્વારા આમ તો દર છઠ્ઠી શરીફના રોજ ખ્વાજા એ ખ્વાજગાહ શાહે હિન્દોસ્તા અતા એ રસુલ હસન સંજરી અજમેરી રહમતુલ્લાઅલય જે ગરીબ નવાઝના લુહામણા ઈલકાબથી આખી દુનિયા ઓળખે છે. જેમનું ઉર્સ રજજલ મહિનાની છઠ્ઠી તારીખે (ચાંદ) ઉર્સ મનાવવામાં આવે છે. જેથી દરેક સુન્ની શહિઉલ અકીદા મુસ્લીમો ખ્વાજા સાહેબનો ઘણી ધામધૂમ સાથે મનાવે છે. અને તેમના આસ્તાના પર હાજરી આપી પોતાની મન્નતો પુરી થાય છે. એટલે તો શાયરે પોતાના કલામમાં લખ્યું છે. " અજમેર વહિ જાતે હૈ જીસે ખ્વાજા બુલાતે હૈ" તા.૧૯/૦૨/૨૦૨૧ શુક્રવારના રોજ કસ્બા સુન્ની જમાઅત ખાનામાં ખ્વાજા સાહેબના ૮૦૯માં ઉર્સના મોકા પર અને છઠ્ઠીના અનુસંધાને આમન્યાઝ એટલે ખ્વાજાનો લંગરનું આયોજન મોહમંદ હનીફ (ધામાભાઈ) તથા આરીફભાઈ મકરાણી તરફ થી બાર થી પંદર મણની ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સર્વે મુસ્લીમોએ ભાગ લીધો હતો. તેમજ ઈશાની નમાઝ બાદ ખ્વાજા સાહેબનો એક અનોખી કરામતની તેમજ જીવન ચરિત્રના ઉપર એક મહેફીલ પણ રાખવામાં આવી હતી. ખ્વાજા સાહેબની કરામત એક કાસામા આખા અના સાગરનું પાણી લઈને તમામ લશકરના સીપાઈઓને ચોડાવી નાખ્યા હતા. જેથી દે.બારીઆના યુવાનો, મહિલાઓ, નાના ભૂલકાઓએ ધામધૂમ સાથે ખ્વાજા સાહેબના ઉર્સની ઉજવણી કરી હતી.

ગોધરાની પીપળીયા ગામે સિંચાઈ માટે આવતા પાણીનો વ્યયને લઈ રોડ ઉપર અને આવાસો પાસે પાણી ભરાતા લોકો પરેશાન

ગોધરા,

ગોધરા તાલુકાના પીપળીયા ગામે સિંચાઈ પિયત મંડળી દ્વારા સિંચાઈ માટે ગામ અને આસપાસના ગામોમાં પાણી પુરું પાડવામાં આવે છે. પરંતુ પાણીનો બેફામ ઉપયોગને લઈ પાણી રોડ ઉપર તેમજ નજીક આવાસો તરફ ભરાતું હોવાથી લોકો પરેશાન થઈ રહ્યા છે. ગોધરા તાલુકાના પીપળીયા ગામેથી મહાકાળી પિયત મંડળી દ્વારા સિંચાઈનું પાણી ગામ અને આસપાસના ગામોમાં પુરું પાડવામાં આવે છે. પરંતુ સિંચાઈ મંડળી દ્વારા અપાતા પાણીનો બેફામ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેને લઈ વધારાના પાણીનો જથ્થો રોડ ઉપર તેમજ નજીક આવેલ ઈન્દીરા આવાસો આગળ ભરાઈ રહેતો હોય છે. જેને લઈ ગ્રામજનોને રસ્તા ઉપર થી અવર-જવર કરવામાં મુશ્કેલીઓ વેઠવી પડે છે. રોડ ઉપર ઠલવાતા પાણી માટે પિયત મંડળીના સભ્યોને અવારનવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં ધ્યાનમાં લેવાતું નથી. જેને લઈ ઈન્દીરા આવાસના રહિશો તેમજ ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. તેનો કાયમી ઉકેલ આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકા પંચાયતની ફતેપુરા, ધાનપુર, સીંગવડ, લીમખેડા, ગરબાડા તાલુકા પંચાયતની બેઠકો ઉપર ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતાર્યા

-: દાહોદ જીલ્લા પંચાયત બેઠકોના બીટીપી ઉમેદવાર :-

આંબા – જશોદાબેન વિપુલભાઈ ભુરીયા
ગામડી – મહાલક્ષ્મીબેન વિલ્સભાઈ પારગી
ગરાડું – હાર્દિકભાઈ સુભાષભાઈ વસૈયા
વગેલા – સેજલબેન અનિલભાઈ મુનિયા
ચાકલીયા – ભરતભાઈ રામાભાઈ નિસરતા
કદવાલ – હિંમતભાઈ લાલસીંગભાઈ ગરાસીયા
નઢેલાવ – વર્ષાબેન શૈલેષકુમાર મેડા
ભોરવા – રીનાબેન રાજુભાઈ મોહનીયા
ધુધીયા – મનહરભાઈ રાજુભાઈ પ્રજાપતિ
જાલત – સરલાબેન ભગવાનભાઈ બિલવાલ
ખાલતા ગરવડી – સુરેખાબેન દિલીપભાઈ પરમાર
ખંગેલા – લીલુબેન રમેશભાઈ મેડા
ખરોડ – લીલાબેન સચીનકુમાર નિનામા
ખરોદા – રક્ષિતકુમાર શીરીષભાઈ મેડા
મારગાળા – અંજનાબેન અજયકુમાર કટારા
મોટી બાંડીબાર – રોહિતભાઈ હીરાભાઈ હઠીલા
મોટી રેલ પૂર્વ – કલ્પનાબેન નટવરભાઈ ડીંડોડ
નવાનગર – વિજયકુમાર મોહનસિંહ ભુરીયા
સલરા – મહમદ રીફક ઈદરીશભાઈ શેખ
ઉંચાવાનીયા – વર્ષાબેન રાકેશભાઈ હઠીયા
વાલાગોટા – તરૂલતાબેન વિરસિંહભાઈ હઠીલા
નીદાકાપૂર્વ – સ્મિતાબેન રાકેશભાઈ મછાર.

-: સંજેલી તાલુકા પંચાયત :-

ઢેડીયા –શીતલબેન સુકલભાઈ રાઠોડ
ઝુંસા – બલવંતસિંહ રામસિંહ રાવત

-: ફતેપુરા તાલુકા પંચાયત :-

ધુધસ – ખુમસીંગભાઈ વારજીભાઈ પારગી
ભીચોર – અરવિંદભાઈ રામાભાઈ તાવીયાડ
કરમેલ – પારસીંગભાઈ વિરાભાઈ પારગી
છાલોર – સંજયભાઈ પ્રતાપભાઈ તાવીયા
બારસલેડા – શીલાબેન સામાજીભાઈ એડ
ફતેપુરા – મેહુલકુમાર કાલીદાર પરમાર
કરોડીયા પૂર્વ – દક્ષાબેન નીલેશભાઈ રજાત
ડુંગર – મણીબેન રંગેશકુમાર સંગાડા
નીદુકા પૂર્વ – ભગવતીબેન મગનભાઈ ડામોર
મોટા નટવા – વિલાસબેન કિરીટભાઈ કિશોરી
રૂપાખેડા – શમીષ્ઠાબેન કિરીટકુમાર માલ
ગવા ડુંગરા – ગીતાબેન જુવાનસિંહ બારીયા
ઈરા – કકુભાઈ જેસિંગભાઈ પારગી
મોટી ઢઢેલી – વિજયકુમાર પૂનાભાઈ કટારા
મોટી રેલ પૂર્વ – સુભાષભાઈ પૂનાભાઈ કટારા
વાંગડ – મનીષાબેન અલ્કેશભાઈ પારગી
હડમત – મમતાબેન સુરેશભાઈ ચારેલ.

-: ધાનપુર તાલુકા પંચાયત :-

આંબાકાચ – સલીયાભાઈ ઝીથરાભાઈ ભુરીયા
વાકોલ – મકનસિંહ પરશુભાઈ પસાયા
સજોઈ – રાજુભાઈ હરનભાઈ મોહનીયા
પીપોદરા – રજાભાઈ ચુનીભાઈ નિનામા
નવાનગર – સુરેશભાઈ જવસિંહભાઈ નિનામા
ખલતા ગરખડી – રિન્કુબેન અનિલભાઈ પસાયા
કાકડ ખીલા – સકરાભાઈ હુકાભાઈ ભુરીયા
પાનમ – સુમિત્રાબેન નરવતભાઈ વાખલા

-: સીંગવડ તાલુકા પંચાયત :-

તારમી – સતીષભાઈ વાલસિંગભાઈ ભુરીયા
મેથાણા–૧ – સચીનભાઈ ચંદુભાઈ ઠાકોર
પીપળીયા (૨) – રેખાબેન કિરણભાઈ ચારેલ
દાસા – નીતાબેન ગોવિંદભાઈ ભગોરા
સુડીયા – સંદીપભાઈ ગલાભાઈ હઠીલા
પહાડ – મંજુલાબેન સુરેશભાઈ મકવાણા

-: લીમખેડા તાલુકા પંચાાયત :-

દાભડા – રીનાબેન નરસિંહભાઈ મુનિયા
ખીરખાઈ – રમીલાબેન ચંદુભાઈ કટારા
ચીલાકોટા–૧ – રાહુલકુમાર દિનેશભાઈ તડવી
ચીલાકોટા–૨– હરેશભાઈ હિમાભાઈ બારીયા
દાંતિયા – કનકબેન અર્જુનભાઈ રાવત
જેતપુર(દ)– નર્મદાબેન પંકજભાઈ મુનિયા
જુનાવાડિયા – મણીબેન સરદારભાઈ ડાંગી
મોટીવાવ – મનોજકુમાર ભુધલાભાઈ ચૌહાણ
નાનીમા ની વાવ – વિજયભાઈ માથુરભાઈ નિનામા
લીમખેડા – પંકજભાઈ વાગુભાઈ કટારા
મોટા હાથીદરા – કમલાબેન બળવંતભાઈ હઠીલા
અગારા (ઉ) – હંસાબેન ભરતભાઈ પરમાર

-: ગરબાડા તાલુકા પંચાયત :-

આંબલી – શરદકુમાર અમરસિંહ પલાસ
જેસાવાડા – સેનાબેન રમેશભાઈ પરમાર
નડેલાવ–૧ – રાજેન્દ્રભાઈ પર્સુભાઈ મોહનીયા
કુંડીવજુ – મંજુલાબેન હસમુખભાઈ ભાભોર

દે.બારીઆના નાની ઝરી ગામે હોટલના માલીક સાથે ૭,૫૦,૦૦૦ની છેતરપીંડી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના નાનીઝરી ગામે આવેલ ફુલદીપ હોટલના માલીક પાસેથી વડોદરાના એક ઠગે મેનેજમેન્ટ કરવા રૂપિયા ૧,૭૦,૦૦૦નું માસીક ભાડુ નક્કી કરી હોટલનો પોતે કબ્જો લઈ હોટલના માલિકને પાંચ લાખ રૂપિયા તથા હોટલના મજુરોની મજુરીના રૂપિયા અઢી લાખ મળી રૂપિયા સાડા સાત લાખ રૂપિયા નહી આપી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના નાની ઝરી ગામે રહેતા હિમ્મતભાઈ મોહનભાઈ ડાયરાની નાનીઝરી ગામમાં આવેલ ફુલદીપ હોટલ પર ગત તા.૨૧.૮.૨૦ના રોજ વડોદરાના અનીલભાઈ કેસરી પાટીલ નામનો ઈસમ આવ્યો હતો. અને મેનેજમેન્ટ કરવા માટે રૂા.૧,૭૦,૦૦૦નું માસીક ભાડુ નક્કી કરી ભાડેથી પોતે ફુલદીપ હોટલનો કબ્જો લીધો હતો અને હોટલના માલીક હિમ્મતભાઈ ડાયરા તથા હોટલના મજુરોને વિશ્વાસમાં લીધા હતા અને ૨૫.૮.૨૦૨૧ સુધીમાં વડોદરાના અનીલભા કેસરી પાટીલે હોટલ માલીક હિમ્મતભાઈ ડાયરાને રૂપિયા ૫ લાખ ભાડુ તથા હોટલના મજુરોની મજુરીના રૂપિયા અઢી લાખ મળી કુલ રૂપિયા સાડા સાત લાખ નહી આપી હોટલ માલિક તથા હોટલના મજુરો સાથે છેતરપીંડી કરી નાસી ગયો હતો. આ સંબંધે ફુલદીપ હોટલના માલિક હિમ્મતભા મોહનભાઈ ડાયરાએ નોંધાવેલ ફરીયાદને આધારે દે.બારીયા પોલીસે વડોદરાના અનીલભાઈ કેસરી પાટીલ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બાઈડને સંસદમાં અમેરિકન નાગરિકતા બિલ-૨૦૨૧ રજૂ કર્યું

વૉશિંગ્ટન,

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને મોટું પગલું ઉઠાવતા સંસદમાં અમેરિકન નાગરિકતા બિલ ૨૦૨૧ રજૂ કર્યું છે. જો આ કાયદો બને છે તો આનાથી હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ફાયદો થશે. આના દ્વારા રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે કોઈ દેશના પ્રવાસીઓની સંખ્યા સીમિત કરવા પર પહેલા લગાવવામાં આવેલો પ્રતિબંધ ખત્મ કરવામાં આવશે. કાયદો બન્યા બાદ એચ-૧ બી વિઝા ધારકોના આશ્રિતોને પણ કામ કરવાની પરવાનગી મળશે.

અમેરિકામાં ટેકનોલોજીના ક્ષેત્રે કામ કરનારા હજારો ભારતીયોને પણ આનો ફાયદો થશે. સંસદના બંને ગૃહ પ્રતિનિધિ સભા અને સીનેટમાં બિલ પસાર થવા અને રાષ્ટ્રતિ જો બાઈડનની સહી થયા બાદ કાયદો બનવાથી દસ્તાવેજ વગર રહેતા અને કાયદેસર રીતે દેશમાં આવેલા લાખો લોકોને નાગરિકતા મળવાનો રસ્તો ખુલશે. સીનેટર બૉબ મેનેંડેઝ અને પ્રતિનિધિ સભાની સભ્ય લિંડા સાંચેઝે સંવાદદાતાઓને કહ્યું કે, અમેરિકન નાગરિકતા કાયદા ૨૦૨૧માં ઈમિગ્રેશન સુધારાની જોગવાઈ કરી છે. આ મહત્વપૂર્ણ પગલાને અંતર્ગત ગ્રીન કાર્ડ માટે

૧૦ વર્ષથી વધારે સમયથી ઈંતઝાર કરી રહેલા પ્રોફેશનલ્સને કાયદેસર રીતે સ્થાયી રીતે રહેવાની મંજૂરી મળી જશે.

આ કાયદો બનવાથી સૌથી વધારે ફાયદો ભારતીયોને થશે. બાઈડને ૨૦ જાન્યુઆરીના શપથ લીધા બાદ આ બિલને સંસદ માટે મોકલી દીધું હતુ. આ અંતર્ગત રોજગાર આધારિત પેન્ડિંગ વિઝાને મંજૂરી આપવામાં આવશે. પ્રત્યેક દેશ પર વિઝા માટે લગાવવામાં આવેલી મર્યાદા પણ ખત્મ કરવામાં આવશે અને વેઈટિંગ ટાઈમ પણ ઘટાડવામાં આવશે. આ બિલમાં આવા લગભગ ૧૧ મિલિયન ઈમિગ્રેન્ટ્સને પણ નાગરિકતા આપવાની વાત કહેવામાં આવી છે, જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહી રહ્યા છે. આમના માટે ૮ વર્ષની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આમાં એ લોકો પણ સામેલ છે જે શરણાર્થી છે અને અમેરિકામાં રહી રહ્યા છે.

બિલમાં અમેરિકન વિશ્વવિદ્યાલયોથી STEM વિષયના ડિગ્રી ધારકોને અમેરિકામાં રહેવાનો રસ્તો પણ સરળ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉલ્લેખનયી છે કે STEM (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) વિષયોમાં ડિગ્રી માટે અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં સૌથી વધારે વિદ્યાર્થી ભારતના જ છે. બંને ગૃહમાં સત્તારૂઢ ડેમોક્રેટિક પાર્ટીના બહુમત છે. જો કે ઉપરના ગૃહમાં બિલને પસાર કરવા માટે પાર્ટીને ૧૦ રિપલબ્લિકન સભ્યોના સમર્થનની જરૂર રહેશે.

કેનેડા મોકલવાના બહાને પાંચ યુવકો સાથે ૧.૭૯ કરોડની છેતરપિંડીથી ચકચાર

આણંદ,

અમેરિકા અને કેનેડા જેવા દેશમાં કાયદેસર રીતે ના જઈ શકે તેવા લોકો ત્યાં પહોંચવા માટે ગમે તેટલો મોટો ખતરો ઉઠાવવા તેમજ ખર્ચો કરવા તૈયાર થઈ જતાં હોય છે. જોકે, આમ કરવા જતાં ક્યારેક આખી જિંદગી ના ભૂલાય તેવો સબક પણ શીખવા મળતો હોય છે. આવું જ કંઈક પાંચ પાટીદાર યુવકો સાથે થયું હોવાનું સામે આવ્યું છે, જેમને અમેરિકા-કેનેડા લઈ જઈશું તેમ કહીને તેમની પાસેથી કુલ ૧.૭૯ કરોડ પડાવનારા એજન્ટોએ કલ્પી ના શકાય તેવી મુસીબતમાં આ યુવકોને મૂકી દીધા અને રુપિયા મળી ગયા બાદ તેમનો બધો સામાન પણ

છીનવી લઈ તેમને પહેર્યા કપડે જ ઘરભેગા કરી દીધા હતા.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, આણંદના બાકરોલ સ્કવેરમાં ઓફિસ ધરાવતા ઈશ્વર પ્રજાપતિ વિઝાનું કામકાજ કરે છે. તેમની મુલાકાત બે વર્ષ પહેલા દિલ્હીમાં અસ્ફાક અને સુનિલ કેજરીવાલ નામના શખ્સ સાથે થઈ હતી. જેમણે અમેરિકા અને કેનેડાની એમ્બસીમાં પોતાનું સેટિંગ છે, અને કોઈને જવું હોય તો એક જ મહિનામાં કામ થઈ જશે તેવી વાત કરી હતી. આ મુલાકાત બાદ ઈશ્વર પ્રજાપતિની આ બંને શખ્સો સાથે ફોન પર પણ વાત થતી રહેતી હતી. નવેમ્બર ૨૦૨૦માં ઈશ્વર પ્રજાપતિએ અશ્ફાક અને સુનિલને આણંદના બે યુવકોને કેનેડા મોકલવાના છે તેવી વાત કરી હતી.

આ કામ માટે હા પાડી અશ્ફાક અને સુનિલે ઈશ્વરભાઈને બંને યુવકોને પાસપોર્ટ સહિતના દસ્તાવેજો લઈને જયપુર આવી જવા કહ્યું હતું. ઈશ્વરભાઈ ૧૦ નવેમ્બરે આણંદના અર્પિત પટેલ અને ભાવિન પટેલને લઈ જયપુર પહોંચ્યા હતા, અને ત્યાં પાંચ દિવસ રોકાયા હતા. ત્યારબાદ અર્પિત અને ભાવિનને ફ્લાઈટમાં મેંગ્લોર લઈ જવામાં આવ્યા હતા. તેમની ફ્લાઈટ જયપુરથી મેંગલોર ઉતરી ત્યારે રાત થઈ ચૂકી હતી. એજન્ટોએ તેમને અહીંથી હોટેલ જવાનું છે, અને બીજા દિવસે કેનેડાની ફ્લાઈટમાં બેસીને ત્યાં પહોંચી જવાનું છે. આ વાત સાંભળતા જ આણંદના બંને યુવકો આખરે કેનેડા જવાનું સપનું પૂરું થશે તેમ માની આનંદીત થઈ રહ્યા હતા. જોકે, તેમને ખબર નહોતી કે તેમની સાથે કંઈક અલગ જ થવાનું છે.

હોટેલના નામે આ યુવકોને રાત્રે જ એક અવાવરું જગ્યાએ લઈ જવાયા હતા, જ્યાં દસ બાય દસની એક રુમમાં તેમને પૂરી દેવામાં આવ્યા હતા, અને અહીં તેમના હાથ પણ બાંધી દેવાયા હતા. ત્યારબાદ તેમને ત્યાં મૂકવા આવેલા લોકો રુમને બહારથી તાળું મારીને રવાના થઈ ગયા હતા. બીજા દિવસે પાંચથી છ લોકો બંદૂક અને ચપ્પા લઈને તેમના રુમમાં આવ્યા હતા અને તેમને ધમકાવ્યા હતા. ૧૮મી નવેમ્બરે બંધક બનાવેલા યુવકોને ધમકી આપવામાં આવી હતી કે તમારા પરિવારજનોને વોટ્સએપ કોલ કરો અને તેમને કહો કે કેનેડા પહોંચી ગયા છીએ અને બાકીની રકમ પણ એજન્ટના માણસોને ચૂકવી દેવામાં આવે.

છેક નવેમ્બર મહિનામાં બંધક બનાવાયેલા યુવકોને ૩૫ દિવસ સુધી તે રુમમાં જ ગોંધી રાખવામાં આવ્યા હતા. એક સમયે તો આ યુવકો એવું પણ માની બેઠા હતા કે કદાચ તેઓ અહીંથી ક્યારેય જીવતા પરત જઈ શકશે નહીં. જોકે, પૂરેપૂરા પૈસા મળી ગયા બાદ બંધક બનાવનારા લોકોએ યુવકોને મેંગલોરથી ફ્લાઈટની ટિકિટ કરાવી આપી હતી, અને તેમને પહેર્યા કપડે જ ત્યાંથી ધમકાવીને ભગાડી મૂક્યા હતા. આ અંગે આણંદમાં ઈશ્વર પ્રજાપતિ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાઈ ત્યારે યુવકોએ પોલીસને જણાવ્યું હતું કે, તેમણે અમેરિકા અને કેનેડા જવા માટે નવા કપડાં, મોબાઈલ તેમજ ત્રણ-ત્રણ હજાર ડોલર પણ લીધા હતા. તે પણ તેમની પાસેથી પડાવી લેવાયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 152

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચારની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણી

આંતરિક રસ્તા અને પીવાના પાણીની મુખ્ય સમસ્યા

વોર્ડ નં.૨

વોર્ડ નં.૨ ખાનગી પ્લોટ થી પાણી અને રસ્તા વિના વર્ષોથી અલગ રચાયેલા પૂર્વ-પશ્ચિમ છેડા !!!

અટલનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના વિના ઘરો કાચા.

ખાનગી પ્લોટના કારણે જાહેર રસ્તો નહીં બનતા લોકોને અવરજવર માટે રસ્તો ખુલ્લો કરવાની માંગ છે.

નાલંદા સ્કુલના પૂર્વ વિસ્તારની ૨૫ ઉપરાંત સોસાયટીમાં પીવાના પાણીની પાઈપ લાઈન આજદિન સુધી નહીં બિછાવતા મુખ્ય તકલીફ પડી રહી છે.

નાલંદા સ્કુલ થી પૂર્વ વિસ્તારમાં આંતરિક પાકા રસ્તા અને પાણી માંગતી મહિલાઓ.

રેલ ફાટક પાસેના જાહેર રસ્તાને ખાનગી બિલ્ડર્સે બંધ કરી દેતા વિદ્યાર્થીઓ સહિત રહીશોને મુશ્કેલી.

જાફરાબાદ રેલ ફાટકને અંડર ગ્રાઉન્ડ બ્રિજ બનાવાય તો ટ્રાફિક સમસ્યાનો અંત આવે.

સાંપા રોડની તુલસીધામ અને આસોપાલવ સોસાયટીમાં બેનર : પ્રશ્નોના મુદ્દે સભ્યોને પ્રવેશ બંધના બેનરો.

વિવિધ સોસાયટીના આંતરિક માર્ગો બનાવામાં ઉદાસીનતાથી ઉબડખાબડ રસ્તાઓ.

ગોધરા,

માત્ર અને માત્ર પ્રજા માટે અને વિકાસ માટે લોકપ્રશ્નોને જાણવાનો વિનમ પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજૂ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૨ ની મુલાકાત લેતા લોકોએ પોતાની લાગણી વ્યકત કરી હતી. ભુરાવાવ, રેલ બ્રીજ થી છેક એસ.આર.પી., બગીચા અને જાફરાબાદ રેલ ફાટક થી નાલંદા, અંકુર સ્કુલના આંતરિક વિસ્તાર સાથે રેલબ્રિજ સુધીના આવતા મત વિસ્તારમાં વેપારીઓ સાથે શિક્ષિતવર્ગના આશરે ૧૧૩૩૫ મતદારો છે. નાલંદા સ્કુલ પાસેં પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગૌલિક વિસ્તાર પડે છે. ભૂતકાળમાં ભાજપા શાસનમાં સભ્યો દ્વારા રસ્તાઓ સાથે અન્ય વિકાસન કામો હાથ ધરાયેલા છે. તેમ છતાં હજૂય કેટલોક વિકાસ લોકો ઝંખે છે. અહીં વૈભવનગર, પાર્વતી નગર, વિનાયક નગર, પદ્મમાવતી નગર, ગોર્વધન નગર, હરીકૃપા શિવમ્ પાર્ક, સોમનાથ નગર, આનંદ નગર, વલ્લભન નગર, ધરણી ઘર, વ્રજધામ, ચક્રધારી સોસાયટી, મધુવન , અટલ નગર, વાગડીયાવાસ, તુલસીધામ, સતકૈવલ મંદિર સહિતના વિસ્તારોનો સમાવેશ પામે છે. જાફરાબાદ રેલ ફાટક મારફતે આસપાસની અનેક સોસાયટીના રહીશો, વિદ્યાર્થીઓ દિવસ–રાત પસાર થાય છે. સમયાંતરે અનેક ટ્રેન પસાર થતી હોવાથી છાશવારે ફાટક બંધ રહે છે. ફાટક બંધ રહેવાના કારણે કલાકો સુધી બંને તરફ ટ્રાફિક જામતા દ્રશ્યો સર્જાતા લોકોનો સમય વેડફાય છે. આથી શહેરા ભાગોળની જેમ ભૂર્ગભ બ્રિજ બનાવાયતો શાળાએ જતા વિદ્યાર્થીઓ, સ્થાનિક રહીશો તથા આસપાસના ગોવિંદી, કાંસુડી, સાંપા, કંકુથાંભલા સહિત ૧૫ ઉપરાંત ગામોના લોકોને લાભ થાય તેમ છે. તેવી રીતે ફાટકની પાસે કંપાઉન્ડ વોલની અડોઅડ ખુલ્લી જાહેર રસ્તો છેક ભુરાવાવ બ્રિજ પાસે નીકળે છે. પરંતુ ખાનગી બિલ્ડર દ્વારા આ ફાટક પાસે રસ્તો બંધ કરીને બાંધકામ કરેલ હોવાના દબાણ સંદર્ભે તંત્રએ દબાણકર્તાને નોટીસ આપવા છતા હજૂ સુધી કોઈ નિકાલ નહીં થતા આસપાસના વ્રજધામ, સુભાષપાર્ક, રિદ્ધિ–સિદ્ધિ, ચક્રધારી, મનોરથ, દર્શન સોસાયટી ઉપરાંતના લોકોને ફાટક પાસે જવામાં છેક નાલંદા સ્કુલ પાસેથી નીકળવું પડતા તકલીફ વેઠે છે. ખાસ કરીને આ નાલંદા સ્કુલ થી પૂર્વ વિસ્તારમાં રેલ ફાટક અને કંપાઉન્ડ દિવાલ પાસેના રસ્તાના પ્રશ્ન ઉપરાંત પીવાના પાણીના નળ કનેકશન અને આંતરિક રસ્તાનો પ્રશ્ન સળગતો છે.અહીં નીતનવી આકાર પાકેલી વિવિધ સોસાયટીમા મોટી સંખ્યામાં રહીશો રહે છે અને પાલિકાના વેરા પણ નિયમિત ભરાય છે પરંતુ પીવના પાણી જેવી પ્રાથમિક સુવિધા પુરી નહીં પડાતા લોકો બારેમાસ તરસ્યા મરી રહ્યા છે. વર્ષોથી રહેતા રહીશોને આંગણા સુધી નળ સુધી ઊભી કરી શકાઈ નથી. નાલંદા સ્કુલ વિસ્તારની નાલંદા ૧–૨–૩, મેશરી પાર્ક, દત્તાત્રેય પાર્ક, શકિત પાર્ક,આશાપુરી, સુભદ્રા, વ્રજધામ, સંસ્કાર નગરી, સરયુવિલા, સુભાષ પાર્ક, ધરણીધર, ચક્રધારી, મનોરથ ટવીન્સ, દર્શન સોસાયટીમા નર્મદા કેનાલ આધારિત પાઈપ લાઈન પણ આ વિસ્તાર સુધી પહોંચી નથી. સમગ્ર નગરજનો નર્મદાના પાણી પીવે છે. તો અહીં તરસ્યા રહેવા પાછળ સરકારી જાહેર માર્ગ ન હોવાથી અને શકિત પાર્ક પાસે ખુલ્લો ખાનગી પ્લોટ હોવાથી આગળ લાઈન ખેંચી શકાઈ નથી. જેનાથી આશરે ૪૦૦૦ થી વધુ વસ્તીને પોતાના ખાનગી બોરનો સહારો લેવો પડતા ક્ષારયુકત પાણી અને વિજળી બીલથી કંટાળી ગયા છે. તેવી રીતે આ વિસ્તારમાં જાહેર માર્ગ જ નથી બોલો ? પૂર્વ અને પશ્ચિમી વિસ્તારને જોડતા માર્ગની વચોવત શકિત પાર્કના પાછળે ખાનગી માલિકીનો પ્લોટના કારણે બંને બાજુમાં ૧૦ વર્ષથી આર.સી.સી. રોડ બની જવા છતાં ખાનગી પ્લોટના કારણે અવરજવર બંધરહેતા રોજીંદા બસ સ્ટેન્ડ તરફ કે બજારમાં લોકો જઈ શકતા નથી એટલું જ નથી. શાળાઓમાં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને આવન–જાવનમાં મુશ્કેલી પડતી હોવા અંગે નાલંદા શાળાએ કલેકટરને મુખ્ય રસ્તા માટે કાર્યવાહીની માંગ કરી છે. વધુમાં રહીશોની કલેકટરને અપાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, જીલ્લા સ્વાગતની ફરિયાદ સંદર્ભે તત્કાલીન કલેકટર મિલીન્દ તોરવણે એ સ્થળ મુલાકાત લઈ મુખ્ય રસ્તા માટે અડચણરૂપ ખાનગી પ્લોટના નિકાલ માટે સૂચના આપી હતી પરંતુ નગર પાલિકા એ કોઈ કાર્યવાહી નહીં કરાતા ૨૦ થી ૨૫ સોસાયટીના રહીશો મુખ્ય રસ્તા વિના ત્રાહિમામ પોકારી ઉઠયા છે. એટલું જ નહી આ વિસ્તારમાં આવેલી ૨૦ થી ૨૫ સોસાયટીમા આંતરિક રસ્તાો બન્યા જ નથી. લોકો માંગ્યા મુજબના વેરા ભરે છે. પરંતુ રસ્તાઓની સુવિધા પુરી પાડવામાં સત્તાધીશો દર વર્ષે ઉદાસીન બને છે. ઉબડખાબડ માર્ગને લઈને લોકોને મુશ્કેલી સાથે પસાર થવું પડે છે. પાકો રસ્તો ન હોવાથી ચોમાસામાં કાદવ–કીચડનું સામ્રાજ્ય સર્જાતા લોકોને ભારે કાદવ વિપદા પડી રહી છે. તેવી રીતે સાંપા રોડની શકિતનગર, સર્વોદય, વૈભવનગર, તુલસીધામ, અંબિકાનગર, સત્તકૈવલ મંદિર આસપાસની સોસાયટીમાં તથા વૈભવ સોસાયટી સહિતની આંતરિક પાકા રસ્તા વિના ચોમાસામાં ગંદકી–કાદવ રહે છે. છપૈયા ધામ, સંગમ સોસાયટી પાછળ તો રસ્તા અને પીવાના પાણીની સમસ્યા છે. તેવી રીતે વલ્લભનગર, ચક્રધારી, વ્રજધામ, ધરણીધર, મધુવન, અંકુર સ્કુલની પાછના વિસ્તારની અનેક સોસાયટીમાં લાંબા સમય થી પાણીની પાઈપ લાઈન જ નથી. અન્ય વોર્ડમાં બાલ બગીચા બનાવાયા છે. તો અહીં બાળકોને રમવા માટે બગીચા નહીં બનાવીને અન્યાય કરાયો છે. જયારે સૌથી દયનિય સ્થિતી અટલનગરની છે. તળાવની આસપાસ ૭૦ ઉપરાંત ઘરો આવેલા છે અને મોટાભાગના લોકો શ્રમવર્ગી છે. તેઓ વેરા ભરવા છતાં રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ, આવાસ, સાફ–સફાઈ જેવી સુવિધા પાલિકા આપતી ન હોઈ દયનીય હાલત ગુજારે છે. શહેરી આવાસ યોજના હેઠળ કાચા મકાન ધારકોને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ અપાય છે. કોઈ પરિવાર ઘર વિહોણા ન રહે તેવી ગૂલબાંગો પોકારાય છે. પરંતુ આ શું યોજના છે. તેનાથી કોઈ માહિતીગાર નથી કે પાલિકા એ સર્વે પણ હાથ નહી ધરતા લોકો અગવડતામાં રહે છે. હેન્ડપંપ સિવાય પાણીની કોઈ નળ સુવિધા નથી. ચોમાસામાં તળાવની પાળ ઉપર કાદવ કિચડ ભર્યા કાચા રસ્તામાંથી પસાર થવું પડે છે.

ચોમાસામાં અટલ તળાવ ભરાઈ જતા છલોછલ બનતા ઘરોમાં પાણી ઘૂસી દિવાલો તથા ઘરવખરીને નુકશાન પહોંચાડે છે. કારણ કે, પાસેની સોસાયટીમાં પાણીના નિકાલ માટે બનાવેલ નાળાને ચણતરથી બંધ કરી દઈને અન્યાય કર્યો છે. હવે ભવિષ્યમાં ચારેબાજુ આવેલી સોસાયટીઓ દ્વારા કંપાઉન્ડ વોલ બનાવી દે તો આ ૭૫ ઘરના લોકોને અવરજવરનો કોઈ રસ્તો મળે તેમ નથી. તેની ચિંતા સતાવી રહી છે.

પ્રવેશ ઉપર પ્રતિંબધના બેનર લાગ્યા : જયારે પાંચ વર્ષથી ગાયબ રહેલા સભ્યો એ આજદિન સુધી પાણીના નિકાલ અંગેના પ્રશ્ન તેમજ રોડના પ્રશ્નનું નિવારણ ન કરતા મત માંગવા તુલસીધામ અને આસોપાલવ સોસાયટીમાં આવવું નહી આમ છતાં સોસાયટીમાં પ્રવેશ કરશો અને કોઈ ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપની પોતાની રહેશે તે અર્થની સાંપા રોડ ઉપર આવેલી તુલસીધામ અને આસોપાલવ સોસાયટીએ પ્રવેશદ્વાર ઉપર પ્રવેશ ઉપર પ્રતિબંધ જેવા બેનર લગાવીને રોષ વ્યકત કર્યો છે.

મતદારોના સમીકરણ

કુલ મતદારો : ૧૧૩૩૫

પુરૂષઃ ૫૮૦૬	સ્ત્રી : ૫૫૨૮	ત્રીજી જાતિ : ૦૧

આ વોર્ડમાં મોટાભાગના શિક્ષિત મતદારોનું પ્રભુત્વ ધરાવે છે અને શિક્ષિત મતદાર નિર્ણાયક રહેશે.

ભાજપના ઉમેદવારો	કોંગ્રેસના ઉમેદવારો
કશ્યપ મુરલીધર મુલચંદાણી.	કેતુલકુમાર પરષોત્તમદાસ પ્રજાપતિ.
ધ્રુવકુમાર રાજેન્દ્રસિંહ સોલંકી.	હસમુખભાઈ દેવાભાઈ પરમાર.
વર્ષાબેન નિલેશભાઈ ઠાકર.	નિરૂબેન વિજેન્દ્રસિંહ પુવાર.
સવિતાબેન ચંદુભાઈ ભુજ.	પિનલબેન રોશનકુમાર ભેટી.

બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો	અપક્ષ ઉમેદવારો
કનુભાઈ વિલિયમભાઈ ગાંધી.	અંજનાબેન પ્રકાશભાઈ લુહાણા.
જ્યોત્સનાબેન કનુભાઈ ગાંધી.	કિષ્ણાબેન નારાયણભાઈ ડીંડોર.
	ગૌરવભાઈ જયપ્રકાશ ભાટીયા.
	ડૉ. ધર્મેશ મંગળભાઈ પટેલ.
	નરેશકુમાર પિતાંબરદાસ રામનાની (નરીભાઈ ટાયગર).
	પ્રકાશ કુંદનલાલ લુહાણા.
	પ્રાંજલબેન સંકેતકુમાર પંડ્યા.
	મુકેશકુમાર મધુસુદન જયસ્વાલ.
	રેખાબેન પ્રકાશભાઈ ડામોર.
	શીતલબેન હરેશકુમાર રાસઘારી.

પંચમહાલના શહેરા તાલુકામાં ૧ કરોડ ૪૭ લાખનો સરકારી અનાજનું કૌભાંડ બહાર આવતાં ખળભળાટ

શહેરા,

પંચમહાલના શહેરા મસમોટું પુરવઠા ગોડાઉનમાંથી કરોડો રૂપિયાનું અનાજ કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી જવા પામી છે. મામલતદાર કચેરી પાછળ આવેલ પુરવઠાના ગોડાઉન મામલતદાર મેહુલ ભરવાડ એ એકા એક તપાસ હાથ ધરતા ઘઉંનો બંધ જથ્થો ગણી જોતા ૨૬૫૩૦ બોરીઓ હોવી જોઈએ જેની જગ્યાએ ૧૩૪૦૩ બોરી મળી આવી હતી આમ ૧૩૧૨૭ ઘઉંની બોરી ની ઘટ જોવા મળી હતી.

તસ્વીર : તુષાર દરજી, શહેરા

ચોખાની ૧૨૯૮ બોરી ઘટ આવતા દોઢ કરોડથી વધુનું અનાજ કૌભાંડ હોવાથી પોલીસ ફરિયાદ મામલતદાર દ્વારા અનાજ ગોડાઉન મેનેજર સહિતના શખ્શો સામે નોંધવાની તજવીજ હાથધરી હતી.

શહેરા તાલુકામાં ૯૨ જેટલી પંડિત દીનદયાળ સસ્તા અનાજની દુકાનો આવેલી છે જેમાંથી ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા માટે રાહતના ભાવે ઘઉં, ચોખા, તેલ અને મોરસનું વિતરણ કરવામાં આવે છે ભૂતકાળમાં પણ શહેરાની સરકારી સસ્તા અનાજની દુકાનમાં અનાજનો જથ્થો જરૂરિયાતમંદ લોકોને મળતો ન હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે અને કેટલીક દુકાનો દ્વારા તો ગરીબો માટેના અનાજનો જથ્થો અભ્યાસ હાથ ધર્યો હતો અને શુકવારના રોજ તેમની સાથે જિલ્લા મામલતદાર પૂરવઠા દેવળ નાયબ મામલતદાર પૂરવઠા શહેરા સતીષ ને સાથે રાખી બંને અનાજના ગોડાઉનમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ઘઉંનો બંધ જથ્થો ગણી જોતા ૨૬૫૩૦ બોરીઓ હોવી જોઈએ તેની જગ્યાએ ૧૩૪૦૩ બોરીઓ મળી આવી હતી આમ ૧૩૧૨૭ ઘઉંની બોરીઓ ની ઘટ જોવા મળી હતી તે જ રીતે ચોખાનો બંધ જથ્થો ગણી જોતા ૧૧૬૮૯ ની જગ્યાએ ૧૦૩૯૧ ચોખાની બોરીઓનો જથ્થો હાથ લાગ્યો હતો આમ તેમાં પણ ૧૨૯૮ બોરીઓની ઘટ આવી હતી. એક ઘઉંની બોરીમાં ૫૦ કી. ગ્રા.નો જથ્થો આવે છે તો ૧૩૧૨૭ ઘઉંની બોરીઓના કુલ ૬ લાખ,૫૬ હજાર ૩૫૦ કી. ગ્રા.થાય છે,એક કી. ગ્રા.ની કિંમત ૨૦ રૂપિયા ગણીએ તો ૧ કરોડ ૩૧લાખ ૨૭ હજારનો મુદામાલ થવા જાય છે. તે જ રીતે ચોખા ની ૧૨૯૮ બોરીઓમાં ૬૪,૯૦૦ કી. ગ્રા. ચોખા છે જેમાં ૧ કી.ગ્રા. ચોખાના ૨૫ રૂપિયા ગણીએ તો ૧૬ લાખ ૨૨ હજાર ૫૦૦ નો મુદ્દામાલ થાય છે આમ કુલ ૧ કરોડ ૪૭ લાખ ૪૫ હજાર ૫૦૦ નો અનાજનો જથ્થો અનાજ માફિયાઓ દ્વારા બારોબાર વગે કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ શહેરા મામલતદાર દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા અનાજ માફીઓ તેમજ અન્ય જવાબદાર સરકારી નુમાઈનદાઓ વિરુદ્ધ પોલીસ મથકે પહોંચી પોલીસ ફરિયાદ માટેની તજવીજ હાથ ધરી હતી.

કાલોલ ગોમાનદીમાં બેફામ રેતી ખનન કરતા ખનિજ માફીયાઓની સામે તંત્ર ચુપ કેમ ?

કાલોલ,

કાલોલ નગર પાસેથી પસાર થતી ગોમાનદીમાં ખનિજ માફીયાઓ દ્વારા બે ફામ રીતે રેતીનું ખનન કરી કાલોલ નગરનાં જાહેર રસ્તાઓ પરથી રેતીનાં ટ્રેકટરો નિકળતાં હોય છે. કાલોલ ગોધરા રોડ પર આવેલ શિશુમંદિર પાછળ આવેલ ગોમાનદીમાં ખનિજ માફીયાઓ દ્વારા વહેલી સવારથી જ નદીમાં રેતી ઉલેચવાની કામગીરી શરૂ થઈ જતી હોય છે. ખનિજ માફીયાઓ પોતાના પેટનાં ખાડા પુરવા નદીમાં મોટાં મોટાં ખાડા કરી બેફામ રેતી ખનન કરી ટ્રેક્ટરો ભરી ધુમ કમાણી કરતાં હોય છે. ગોમા નદીમાં બેફામ રીતે ફરતાં વાહનો પણ આર.ટી.ઓ માન્ય છે કે કેમ ? તે તપાસનો વિષય છે પણ આવા ગેરકાયદેસર રેતી ખનન કરતા ખનિજ માફીયાઓ સામે તંત્ર ચુપ કેમ ? સ્થાનિક તંત્ર અને જિલ્લા ખાન ખનિજ વિભાગ શું આવા ખનિજ માફીયાઓથી અંજાણ છે ? કે પછી ખાણ ખનિજ વિભાગ માત્ર દેખાવ પુરતી જ કામગીરી કરી બાકીના રેતી ખનન માફીયાઓ સામે રહેમ નજર રાખે છે ? કાલોલ ચલાલી થી જંત્રાલ, ઝરડડા સુધી ગોમા નદીમાં બે ફામ રેતી ખનન કરી ખનિજ માફીયાઓ તેમનાં મોજ શોખની સાથે તંત્રની આંખોમાં ધુળ ઝાખતાં હોય તેવું લાગી રહ્યું છે. કાલોલ નગરનાં જાગ્રુત નાગરિકો દ્વારા અનેક વાર ખનિજ માફીયાઓ સામે લેખીત રજુઆત કરવામાં આવી છતાં "જેસે થે" જેવી પરીસ્થીતી સર્જાતી જણાતાં ખાનખનિજ વિભાગ સામે ખનિજ માફીયાઓ પડકાર ફેંકતાં હોય છે.

તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

ખનિજ માફીયાઓ નદીમાંથી ઓવરલોડ રેતી ભરી નદી માંથી બાહર નિકળતાં રેતીના બેંટના ચીલામાં ટ્રેક્ટર ફસાઈ જતાં દુર્ઘટના પણ બની શકે તેવી પરીસ્થીતી સર્જાતી હોય છે અને ટ્રેક્ટર ચાલક પોતાનું પેટીયું રળવા જીવ જોખમમાં મૂકતાં દ્રશ્યો પણ સર્જાતાં હોય છે.

કાલોલ નજીકથી પસાર થતી ગોમા અને કરડ નદીમાં રેતી ખનન કરતા ખનિજ માફીયાઓ ના વાહનો અને વાહન ચલાવતાં ટ્રેક્ટર ચલાવતાં ડ્રાઈવર પાસે જરૂરી RTO માન્ય પ્રમાણ પત્ર તેમજ લાઈસન્સ હોય છે કે કેમ ? તે પણ એક તપાસ નો વિષય છે. હવે જોવું રહ્યું તંત્ર સામે બેફામ રેતીખનન કરી પડકાર ફેંકતાં ખનિજ માફીયાઓ સામે લાગતું વળગતું તંત્ર શું કામગીરી કરશે.

રાજયમાં વ્યાયામ શિક્ષકોની ભરતી ન થતાં લાયકાત ધરાવતા યુવાનો બેરોજગાર

ગોધરા,

ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય કે જ્યાં વ્યાયામ શિક્ષકોને ભરતી થતી નથી વિકાસના પોકળ દાવાઓ વચ્ચે ગુજરાત દેશમાં શિક્ષણમાં સતત પાછળ ધકેલાઈ રહ્યું છે. જેની પાછળ સરકાર અને સરકારની નીતિઓ જવાબદાર છે. રાજ્યમાં એક બાજુ ખેલ મહાકુંભ ફીટ ઈન્ડિયા અને યોગ યુનિવર્સિટી સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે અને બીજી બાજુ રાજ્યની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે CPED, BPED, DPED, MPED, PHD જોડે ચિત્ર સંગીત જેવી લાયકાત ધરાવતા લાખો આશાસ્પદ યુવાનો સરકારની બેધારી નીતિઓને કારણે બેરોજગાર છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વિશેના શિક્ષકોને શાળાઓમાં તાતી જરૂરિયાત છે. તેમ છતાં છેલ્લા ૧૨ વર્ષથી ગુજરાતમાં વ્યાયામ શિક્ષકોને ભરતી થતી નથી દેશના વડાપ્રધાન અને માનવ સંસાધન મંત્રાલય દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં થી શિક્ષણવિદો પાસેથી સૂચનો મંગાવી મુક્ત ચર્ચા વિચારણાના અંતે જે નવી શિક્ષણ નીતિ તૈયાર કરવામાં આવી છે તેમાં પણ યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણના વિશે ને ફરજિયાત કરવામાં આવ્યો છે છતાં ગુજરાત સરકાર હજુ ઘોર નિંદ્રામાં છે. વારંવાર રજૂઆતો કરવા છતાં પણ સરકાર દ્વારા ભરતી કરવામાં આવતી નથી. તો આગામી સમયમાં સત્વરે ભરતી કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે અને આગામી ચૂંટણીમાં પણ સરકારે આવા ઉમેદવારોના રોષનો ભોગ બનવું પડશે તો નવાઈ નહી.

તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા ગોધરા મામલતદાર કચેરીમા રાયોટીંગ અને પ્રોહિબીશનના આરોપીઓ જાત જામીન માટે હાજર રહ્યા.

પંચમહાલ જીલ્લામાં ચુંટણી પ્રચારને લઈ કોરોનામાં નોંધપાત્ર વધારો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોનાના આજે ૦૮ કેસ પોઝીટીવ આવ્યા છે. ત્યારે હાલની સ્થિતીને જોઈ એવું લાગી રહ્યું છે. તે જો કોરોના અંગે આપણે જાગૃતિ નહી રાખીએ તો આ ૦૮ કેસમાં વધારો થતા વાર લાગશે નહિ.

હાલ ચુંટણીને લઈ લોકો બેફિકર બન્યા છે. ત્યારે કોરોના કેસમાં પણ આજે વધારો દેખાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસ થી કોરોનાના કેસ નહિવત આવતા હતા પણ હાલ ચુંટણીમાં પ્રચારમાં કોરોનાની ગાઈડ લાઈન ભુલી ટોળા બંધ રીતે પ્રચારમાં નીકળ્યા છે. અને સોશ્યલ ડિસ્ટન્સ વગર લોકો અજાણે કોરોના સંક્રમિત થઈ શકે છે.

આજે પંચમહાલ જીલ્લામાં કોરોનાના ૦૮ કેસ પોઝીટીવ આવ્યા છે. જેમાં ગોધરામાં ૦૩ કેસ, હાલોલમાં ૦૧, મોરવા(હ)માં ૦૩ અને શહેરામાં ૦૧ કેસ નોંધાયા છે. હાલ, જીલ્લામાં એકટીવ કેસની સંખ્યા માત્ર ૨૯ છે.